| AOM-1 | This Question Booklet Contains 6 Printed Pages | પ્રશ્નપુસ્તિકા ક્રમાંક | |
|---|---|---|---|

# Subject: **Gujarati - Paper I**

ઉમેદવારનો બેઠક નંબર

| સમય : 3 કલાક<br>કુલ ગુણ : 200 | Time : 3 Hrs.<br>Total Marks : 200 | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**01.** આશરે 250 શબ્દોમાં નીચેના વિષયો પૈકી 'અ' માંથી એક અને 'બ' માંથી એક એમ બે નિબંધ લખો.

(અ) (1) સૌથી મોટો ધર્મ : 'મેરા ભારત મહાન' **20**

(2) આકાશે આંબતી ભારતીય અંતરીક્ષ સિદ્ધિઓ.

(3) મારા જીવનનો યાદગાર પ્રસંગ

(બ) (1) સતત વધતું જતું તાપમાન- માનવજાતનું જોખમ **20**

(2) 'સ્માર્ટ સીટી'ની મારી પરિકલ્પના.

(3) પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું છે.

**02.** નીચેનામાંથી કોઇ પણ બે નો વિચારવિસ્તાર કરો. **10**

(1) પેટ કરાવે વેઠ પેટ વાજાં વજડાવે
પેટ ઉપડાવે ભાર, પેટ ગુણ સૌના ગાવે.

(2) દેહાભિમાન હતું પાશેર વિદ્યા ભણતાં વાધ્યું શેર
ચર્ચા વદતાં તોલું થયો, ગુરુ થયો ત્યાં મણમાં ગયો.

(3) સજ્જન આ સંસારમાં ગર્વ છોડતાં શીખ,
ભાગ્ય ફર્યું ત્યાં ભૂપતિ, ભમતો માગે ભીખ.

(4) એકલ દેતા દાન જે, એકલ ઝૂઝતા જંગ
એકલ જગ નિંદા સહે, એ મરદોને રંગ.

**03.** નીચેના ગદ્યખંડનો ગુજરાતીમાં અનુવાદ કરો. **10**

Sixty percent of rural India lives in utter poverty with no electricity. Rural India uses 180 million tones of fuel every year for cooking, creating indoor pollution and health hazards. The WHO estimates that 1.5 million deaths per year are caused by pollution from chulha smoke. Making available locally grown clean and renewable cooking and lighting fuel can improve the quality of rural life.

04. (અ) 'જોઈએ છે : હૉસ્ટેલ/કેન્ટીન સંભાળી શકે તેવા અનુભવી 'ગૃહપતિ'. આકર્ષક પગાર + રહેવા જમવાની વ્યવસ્થા' – આ જાહેરાતના સંદર્ભમાં નોકરી મેળવવા અરજી લખો. 10

**અથવા**

(બ) 'સ્વચ્છ ભારત અભિયાન' અંતરગત તમારા શહેરમાં આયોજિત વિવિધ કાર્યક્રમોનો અહેવાલ તૈયાર કરો.

05. (અ) વિનાશક વાવઝોડાથી થયેલી ભારે તારાજી સંદર્ભમાં ગામના સરપંચ તરીકે સહાય માટે કલેક્ટરશ્રીને માગણીપત્ર લખો. 10

**અથવા**

(બ) તમારા વિસ્તારના મુખ્ય રસ્તાઓ પર લોકો આડેધડ પાર્કિંગ કરે છે તેથી વાહનવ્યવહારમાં મોટી અડચણ ઊભી થાય છે – આ અંગે યોગ્ય પગલાં લેવા સંબંધિત અધિકારીને પત્ર લખો.

06. (અ) 'ખેડૂતોનાં દેવાં માફી' સંબંધિત વિષય પર મુખ્યમંત્રીશ્રીએ બોલાવેલી પત્રકાર પરિષદમાં થયેલ ચર્ચાનો આલેખ રજૂ કરો. 10

**અથવા**

(બ) 'સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન યોજના' (SAUNI Yojna) દ્વારા પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ – સંદર્ભમાં સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ આયોજન બાબતે પત્રકાર પરિષદ આલેખો.

07. (અ) તમારો નાનો ભાઇ ધોરણ-12 ની પરીક્ષા આપવાનો છે. પરીક્ષાની પૂર્વતૈયારી માટેનાં સૂચનો સાથે શુભેચ્છા પાઠવતો પત્ર તેને લખો 10

**અથવા**

(બ) તમારા મિત્રની 'પોલીસ સબ ઈન્સ્પેક્ટર'માં પસંદગી થઇ છે – તેને અભિનંદન આપતો પત્ર લખો.

08. (અ) 'આંતર રાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણીના સંદર્ભમાં વિભિન્ન કાર્યક્રમોના આયોજન માટે પ્રજાજોગ પ્રચાર માધ્યમો માટેનું નિવેદન તૈયાર કરો. 10

**અથવા**

(બ) 'બર્ડ ફ્લૂ'ના ફેલાવા સંબંધિત લોકજાગૃતિ અને આગોતરી કાળજી લેવા માટેનાં સૂચનો સાથેનું વર્તમાન પત્રો માટેનું નિવેદન તૈયાર કરો.

09. (અ) ધોરણ-12 ના વિદ્યાર્થીઓના શુભેચ્છા-વિદાય સમારંભ પ્રસંગને ધ્યાનમાં રાખી સમારંભ અધ્યક્ષનું ભાષણ તૈયાર કરો. 10

**અથવા**

(બ) તમારી સંસ્થા દ્વારા આયોજિત 'કવિ સંમેલન'ના પ્રસંગે ઉપસ્થિત કવિઓ અને શ્રોતાજનોનું સ્વાગત કરતું વક્તવ્ય તૈયાર કરો.

10. (અ) વધતા જતા 'સાઈબર ક્રાઈમ'ને વિષય બનાવી બે મિત્રો વચ્ચેનો સંવાદ રચો. 10

**અથવા**

(બ) વધતા જતા અકસ્માતો અને વકરતી જતી વાહનવ્યવહાર વ્યવસ્થા-સંદર્ભે બે પાડોશીઓ અથવા બે જૂથો વચ્ચે થતી ચર્ચા-સંવાદ આલેખો.

11. નીચે આપેલા ગદ્યખંડનું હાર્દ સચવાય તે રીતે એક તૃતીયાંશ જેટલો સંક્ષેપ કરી શીર્ષક આપો. 10

દરેક માણસને પોતાનાં ગમતાં કામો કરવામાં મઝા આવે છે. ગમતાં કામો જ કરવાં જોઈએ! એમાં આપણી ક્ષમતા પણ આપણને મદદરૂપ થતી હોય છે! કોઈ બીજાને રવાડે ચડીને, કોઈની દેખાદેખી કરવામાં ભાગ્યે જ સફળતા મળતી હોય છે. સામેવાળો જે કામમાં સફળ થયો એ કામમાં આપણે પણ સફળ થઈશું, એમ માની લેવામાં જોખમ છે. કારણ કે સામેવાળામાં જે ક્ષમતા છે, એ તમારી પાસે નથી. એના જેવી આવડત પણ તમારામાં નથી. તમે તમારી રૂચિ પ્રમાણે કામ કરશો તો એમાં તમારી ક્ષમતા પણ તમને સાથ આપશે અને એમાં તમારી આવડતને પણ ઝળહળવાની તક મળશે. ને એમાં તમને આનંદ પણ મળશે. કોઈની દેખાદેખીથી કરવાનાં કામમાં કામની શરૂઆતથી જ ચિંતા અને ભય આપણી સક્રિયતાને વળગી પડતાં હોય છે. રૂચિ મુજબનાં કામમાં શરૂઆતનો જ આનંદ મળે છે અને સમાપ્તિનો પણ આનંદ મળે છે. કામ પૂરું થયાનો આનંદ આપણો થાક ઉતારી નાખે છે.

–ખલીલ ધનતેજવી

12. નીચે આપેલા ગદ્યખંડને ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ટૂંકમાં તમારા શબ્દોમાં લખો. 10

ભારત ..........

એક દેશ જ નથી. એ છે કે એક પરીકથા. વિશ્વનો સૌથી જૂનો ગ્રંથ ઋગ્વેદ અહીં રચાયો; ત્યારે જગતમાં બહુ ઓછી જગ્યાએ અક્ષરજ્ઞાન હતું. અને ઋગ્વેદ તો પ્રકૃતિની પૂજાનું કાવ્ય! 'એપિક' અને મહાગાથા જેવા કાવ્યોના સ્વરૂપે વિશ્વની સૌથી પ્રાચીન સાહિત્યિક સરવાણી પણ ભારતમાં જ ફૂટી. 'રામાયણ' એવું તો પ્રભાવશાળી મહાકાવ્ય બન્યું, કે એનાં પાત્રો કૃતિમાંથી બહાર આવીને સાક્ષાત ઈશ્વર બની ગયાં! વેદ

ઉપનિષદોમાં જેમની પૂજા નહોતી, એ રામ-કૃષ્ણ-સીતા-રાધા જનજનના માનસ પર આજે ય રાજ કરે છે, એ ભારતવર્ષની અભૂતપૂર્વ સાંસ્કૃતિક સિદ્ધિ છે! ભગવદ્ગીતામાં ઉપનિષદોનું દોહન તો થયું જ, પણ દષ્ટિ અને સંશોધક ઋષિઓના ઉપનિષદોમાં, સાંખ્ય-ન્યાય દર્શનોમાં અદ્ભુત આધ્યાત્મિક પીરસાયું.

ભારત કેવળ એક સરહદી રાષ્ટ્ર નથી. એ સનાતન ચિરંજીવ યાત્રા છે, અમૃતસ્ય પુત્રાઃ ગણાયેલ માનવજાતની ચૈતન્યજ્યોતિની! પાછળથી હિન્દુ નામથી પરદેશીઓએ ઓળખેલો ધર્મ કોઈ એક પુસ્તક, પ્રચારક પરમાત્માના ખૌફથી ચાલતી સીસ્ટમ નથી. એ મુક્ત વિચારનું અનોખું જયગાન છે, સ્વતંત્ર જીવનશૈલીનું વિજયી સન્માન છે. સત્યમેવ જયતે, સા વિદ્યા યા વિમુક્તયે, આનતુ ભદ્રાઃ ...., ઓમ્ પૂર્ણમિદં પૂર્ણમદઃ ...., એકમ સદ્ વિપ્રા બહુધા વદન્તિ ...... જેવા મંત્રો જે જીવન વિચારના પાયામાં છે, એ ભારતીય આધ્યાત્મિકતા માટે ચિંતન (ફિલોસોફી) શબ્દ ટૂંકો એટલે પડે છે કે એ તો છે દર્શન! પ્રજ્ઞા અને શીલથી રસઝરતું બહુરંગી ચરિત્રનિર્માણ થાય, ત્યારે આપોઆપ એને પોતાની જ ભીતરની જાગૃતિનું દિવ્ય દર્શન થાય! એટલી હદે કે ભારતના આદ્ય મનીષીઓએ કોઈ એક ઈશ્વરીય દૂત કે સ્વરૂપ, એક ચોક્કસ ચોકઠામાં ભવિષ્યની અનંત સંભાવનાઓને બાંધી દેતા ધર્મપુસ્તક કે વિધિ વિધાનથી ધર્મ ધારણ કરવાની બાલિશ પરંપરાની ઓળખનો જ અસ્વીકાર કર્યો. ધર્મથી વિશેષ મહત્વનું ગણ્યું કર્મ, જે ધર્મની વ્યાખ્યા આપોઆપ કરે. સ્વયંના ધર્મના નિયમ કે નામના પણ મોહનો ત્યાગ કરી માનવતાનું મુક્તિગાન રચ્યું.

– જય વસાવડા.

<u>પ્રશ્નો</u> :

(1) લેખક કઈ બાબતને ભારતવર્ષની અભૂતપૂર્વ સાંસ્કૃતિક સિધ્ધિ ગણાવે છે?
(2) ભારતનું અદ્ભુત આધ્યાત્મિક દર્શન કયાં ક્યાંથી મળે છે?
(3) આધ્યાત્મિક ચિંતન માટે લેખક કયો વિશેષ શબ્દ પ્રયોજે છે?
(4) ભારતીય દર્શનમાં ધર્મથી વિશેષ મહત્ત્વ કોને આપવામાં આવ્યું છે?
(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**13.** નીચે આપેલા ફકરાનો આશય સંક્ષેપમાં સરળ તથા સહેલા શબ્દોમાં સમજાવો. **10**

**સંવેદનશીલતાથી ધબકતા રહીએ**

સંવેદનશીલતા તો આપણી જીવનમૂડી છે. એ કોઈ પણ ભોગે જાળવવી જોઈએ. અને તેનાથી જ વિવિધ લલિતકલાઓ સાહિત્ય-સંગીત-સ્થાપત્ય-શિલ્પ-ચિત્રકલા વગેરેને માણવા અને અનુભવવાની દષ્ટિનો વિકાસ થાય છે. એના ફળ રૂપે સ્વયંની દષ્ટિમાં સૂક્ષ્મતા આવે છે.

બીજાનાં દુ:ખ જોઇ દિલ દ્રવે તે સંવેદના કહેવાય. આ સંવેદનાને ગુમાવવાની અણી ઉપર આપણે ઊભા છીએ. હૃદયને આવી સંવેદનાઓથી ઉભરાવવા માટે આપણે પ્રકૃતિની નજીક રહીએ. પશુ-પક્ષી-વૃક્ષ-વેલી-સૂર્ય-ચંદ્ર-તારા-બાળકોની સૃષ્ટિમાં વધુ વિહરીએ, તેમાં મન પરોવીને રસ લઇએ તો આપણું હૃદય સંવેદનશીલતાથી ધબકતું રહેશે.

(પાઠશાળા) – પ્રદ્યુમ્નસૂરિ

14. નીચે આપેલા પેટા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ લખો. 40

(1) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. 6

(અ) ખાંડણિયામાં માથાં રામ

(બ) આંગળી દેતાં પોંચાને જ વળગે.

(ક) મહૂલી સંભાળવી.

(2) નીચે આપેલી કહેવતોનો અર્થ આપો. 6

(અ) હવનમાં હાડકું.

(બ) તાંબાની તોલડી તેર વાનાં માગે.

(ક) કોલસાની દલાલીમાં હાથ કાળા.

(3) સંધિ છોડો/સંધિ જોડો. 4

(અ) હિતૈષી

(બ) દેવર્ષિ

(ક) યથા + ઇષ્ટ

(ડ) વિદ્યા + ઉત્તેજક

(4) સાચી જોડણી લખો. 4

(અ) પ્રકિર્ણ

(બ) અદ્‌ભુત

(ક) પ્રતીકુળ

(ડ) માર્ગદર્શીકા

(5) સમાસનો વિગ્રહ કરી ઓળખાવો. 4

(અ) શોકાતુર

(બ) દેહલતા

(6) (અ) 'અલ્પાયુષી' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ આપો. 2

(બ) 'પંકજ' શબ્દનો સમાનાર્થી શબ્દ આપો.

(7) (અ) 'અમે તમારી વાત જાહેર કરીએ?' આ વાક્યને કર્મણિ વાક્યમાં રૂપાંતરિત કરો. 2

(બ) 'સમય થયે તમને જણાવવામાં આવશે.' આ વાક્યને કર્તરિ વાક્ય રચનામાં ફેરવો.

(8) (અ) 'જૂઠું બોલવાથી શો ફાયદો?' આ વાક્યને નિષેધ વાક્યમાં રૂપાંતરિત કરો. 2

(બ) 'તમને ચાલવું ગમશે.' આ વાક્યને પ્રશ્નાર્થવાક્યમાં રૂપાંતરિત કરો.

(9) (અ) 'દુર્જન' શબ્દમાં પૂર્વપ્રત્યય ઓળખી બતાવો. 2

(બ) 'પાલક' શબ્દમાં પરપ્રત્યય ઓળખી બતાવો.

(10) (અ) 'નહીં નિકટ એથિ પર્સહક આ સમે માહરો' પંક્તિનો છંદ ઓળખાવો. 2

(બ) 'અમે રે સૂકું રૂનું પૂમડું' - પંક્તિનો અલંકાર ઓળખાવો.

(11) (અ) 'ઓરડાની અંદર કોઈ બેઠું છે.' - વાક્યમાં નામયોગી પદ જણાવો. 2

(બ) 'એકથી ભલા બે' વાક્યમાં અનુગ દર્શાવો.

(12) (અ) 'તમે પાણી ઊંચેથી પીજો' વાક્યમાં ક્રિયાવિશેષણનું પદ દર્શાવો. 2

(બ) 'કાગળનો જવાબ જલદી લખશોજી' વાક્યમાં નિપાત ઓળખાવો.

(13) (અ) છોકરો, બકરી, હાથ - એ ત્રણમાંથી કઇ સંજ્ઞા લિંગચિહ્ન ધરાવતી નથી? 2

(બ) 'ઝાડ' સંજ્ઞા કયું લિંગ ધરાવે છે?

---